નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની રાજ્ય કક્ષાની કન્સલ્ટન્ટની ૦૨, એકાઉન્ટન્ટની ૦૨ તથા પ્રોજેક્ટ એસોસીએટની ૦૧ આઉટસોર્સની જગ્યાઓ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ WCDD/DRA/e-file/23/2022/0033/B-1

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧, તા.૩૧/૦૩/૨૦૨૨.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧, તા.૦૫/૦૮/૨૦૨૨.
3. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીનો પત્ર ક્રમાંક: 11/4/2021-CD-I (e-95706), તા.૦૧/૦૮/૨૦૨૨.

**આમુખ**

વંચાણે લીધા (૧) અને (૨) પરના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની રાજ્ય કક્ષાની કુલ-૧૫ જગ્યાઓ પૈકી કન્સલ્ટન્ટની ૦૫ જગ્યા, એકાઉન્ટન્ટની ૦૩ જગ્યા તથા પ્રોજેક્ટ એસોસીએટની ૦૨ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૩) પરના ભારત સરકારશ્રીના પત્રથી 'સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦'ની ગાઈડલાઈન બહાર પાડી હતી. આ ગાઈડલાઈન અનુસાર NNM હેઠળની કન્સલ્ટન્ટ (પ્રોક્યોરમેન્ટ) અને કન્સલ્ટન્ટ (ફાઈનાન્સ)ની કુલ-૦૨ જગ્યા, એકાઉન્ટન્ટની ૦૨ જગ્યા અને પ્રોજેક્ટ એસોસીએટની ૦૧ જગ્યા મંજૂર કરેલ નથી. આથી રાજ્ય કક્ષાની આ કુલ-૦૫ આઉટસોર્સની જગ્યાઓ તા.૦૧/૦૮/૨૦૨૨ની પશ્ચાતવર્તી અસરથી રદ કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

૨/- વંચાણે લીધા (૧) અને (૨) પરના ઠરાવથી મંજૂર થયેલ NNM હેઠળની રાજ્ય કક્ષાની કન્સલ્ટન્ટ (પ્રોક્યોરમેન્ટ) અને કન્સલ્ટન્ટ (ફાઈનાન્સ)ની ૦૨ જગ્યા, એકાઉન્ટન્ટની ૦૨ અને પ્રોજેક્ટ એસોસીએટની ૦૧ જગ્યા એમ કુલ-૦૫ આઉટસોર્સની જગ્યાઓ તા.૦૧/૦૮/૨૦૨૨ની પશ્ચાતવર્તી અસરથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

***e-signed***

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
5. નાયબ નિયામકશ્રી વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
6. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........................
7. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
8. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
9. સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.....................
10. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
11. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ.
12. શાખા સિલેક્ટ ફાઇલ.